પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૫૬ | ૨૬ નવેમ્બર, ૨૦૧૭, રવિવાર ; માગસર સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જનહિતની અરજીનો દુરુપયોગ : સુપ્રીમ



**આ વ્યવસ્થા પર ફેરવિચારણા કરવાનો સમય આવી ગયો છે : જનહિતના નામ પર ચર્ચા-લોકપ્રિયતા મેળવવા અને રાજકીય લાભ ઉઠાવવા ઉપયોગ કરવામાં આવી રહ્યો છે : સુપ્રીમ કોર્ટનુ તારણ**

નવી દિલ્હી,તા. ૨૫

જનહિતની અરજીઓના દુરુપયોગ પર ચિંતા વ્યક્ત કરતા સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યુ છે કે આ વ્યવસ્થા પર હવે ફેરવિચારણા કરવાની તાકીદની જરૂર છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે જનહિતના નામ પર લોકપ્રિયતા અને ચર્ચા મેળવી લેવા તેમજ રાજકીય લાભ ઉઠાવવા માટે આ વ્યવસ્થાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વર્ષ ૨૦૧૫માં છત્તિસગઢના રાયપુરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો મંચ ધરાશાયી થઇ ગયા બાદ આ મામલે એનઆઈએ તેમજ સીબીઆઇ તપાસની માંગ કરતી અરજી પર સુનાવણી કરતી વેળા સુપ્રીમ કોર્ટે આ વાત કરી હતી. સુપ્રીમ કોર્ટ તરફથી જસ્ટીસ એકે સિકરી અને અશોક ભુષણની બનેલી બેંચે આઈ મુજબની વાત કરી હતી. આ અરજી પ્રદેશના નોંધણી થયેલા રાજકીય પક્ષ છત્તિસગઢી સમાજ પાર્ટી દ્વારા દાખલ કરવામાં આવી હતી. આના પર સુપ્રીમ કોર્ટે ફટકાર લગાવીને એક લાખ રૂપિયાનો દંડ પણ લાદી દીધો હતો. આ પહેલા અરજી કરનારે હાઈકોર્ટમાં પણ

● અનુસંધાન પાન-૫ પર

## શકમંદ જહાજોને સેટેલાઈટથી પકડવા માટે ઈસરો મદદ કરશે

**દરિયાઇ સુરક્ષાને વધારે મજબુત કરવા તૈયારી : ઇસરો સેટેલાઇટ મારફતે ફોટો મોકલી દરિયાઇ ક્ષેત્રમાં સુરક્ષામાં વ્યસ્ત સંસ્થાઓની બોટ પકડવા સહાયતા કરશે**




નવી દિલ્હી,તા. ૨૫

ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંસ્થા (ઇસરો) હવે સેટેલાઇટ મારફતે ફોટાઓ મોકલીને દરિયા કાંઠાની સુરક્ષામાં વ્યસ્ત સંસ્થાઓને શંકાસ્પદ જહાજો અને બોટ પકડી પાડવામાં મદદ કરશે. આ નવી પહેલ હેઠળ ઈસરો બોટની સેટેલાઈટ મારફતે બાજ નજર રાખશે. બોટ પર નજર રાખવા માટે આગામી વર્ષે માર્ચ મહિના સુધી ૧૦૦૦ ટ્રાન્સપોન્ડર સપ્લાય કરશે. આનો ઉદ્દેશ્ય દરિયાઇ માર્ગે ભારતમાં ઘુસણખોરીને રોકવા માટેનો પણછે. વર્ષ ૨૦૦૮માં મુંબઈમાં ભીષણ ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યો ત્યારે હુમલાખોરો દરિયાઈ માર્ગ મારફતે બોટમાં આવ્યા હતા. ગૃહ મંત્રાલયના એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે ઓટોમેટિક આઈડેન્ટિફિકેશન સિસ્ટમ મારફતે ૨૦ મીટરથી મોટી બોટ પર નજર રાખી શકાશે.

## ન્યુઝ ટ્રેક

### ઈસ્લામાબાદમાં કાનુન મંત્રીના રાજીનામાને લઈ આંદોલન

પાકિસ્તાનના પાટનગર ઈસ્લામાબાદમાં લૉ મિનિસ્ટરના રાજીનામા બાબતે બે સપ્તાહથી ચાલી રહેલા ઉગ્ર આંદોલનમાં એક પોલીસકર્મીનું મૃત્યુ નિપજ્યુ છે અને સો થી વધુ લોકો ઘાયલ થયા છે.

### ઈજીપ્તે કરી સર્જીકલ સ્ટ્રાઈક

ઈજીપ્તમાં ૨૪મી નવેમ્બરે મસ્જીદ પર થયેલા હુમલામાં ૨૩૫ લોકો મૃત્યુ પામ્યા છે. તેના જવાબમાં ઈજીપ્ત એરફોર્સ આતંકી ઠેકાણા પર સર્જીકલ સ્ટ્રાઈક કરતા ઘણા આતંકીઓના મોત થયા છે.

### હિંસક ધમકીઓ ખોટી વાત : વેંકૈયા નાયડુ

ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુએ પદ્માવતી ફિલ્મનો વિરોધ કરનારા લોકો માટે આડકતરી રીતે નિવેદન આપી જણાવ્યું છે કે ફિલ્મ નિર્માતાઓને શારીરિક ધમકીઓ આપીને વિરોધ કરવો ખોટી વાત છે.

### આજે ૨૬ નવેમ્બરે સંવિધાન દિવસ ઉજવાશે

ભારતના બંધારણની રચનાના દિવસ ૨૬ નવેમ્બરે દેશભરની તમામ યુનિવર્સિટીઓમાં 'સંવિધાન દિવસ' ઉજવાશે. યુજીવીસીએ આ બાબતે તમામ યુનિવર્સિટીઓને પત્ર લખી આદેશ આપ્યો છે.

# પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ૯૭૭ ઉમેદવારો મેદાનમાં

**સૌથી વધુ ઉમેદવારો જામનગર(ગ્રા.) બેઠક પર નોંધાયા : ૮ બેઠક પર બે ઈ.વી.એમ. ઉપયોગમાં લેવાશે સૌથી ઓછા ઉમેદવાર ગણદેવી બેઠક પર નોંધાયા : ૩૦૩ ઉમેદવારીપત્રો પાછા ખેંચાયા**

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત વિધાનસભાની પ્રથમ તબક્કાની ૮૯ બેઠક માટે ૯૭૭ ઉમેદવાર મેદાનમાં રહ્યા છે. ૩૦૩ ઉમેદવારોએ તેમના ઉમેદવારીપત્ર પાછા ખેંચ્યા છે.

ગઈકાલે ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ હતો અને આજે આ અંગેનું ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બન્યુ છે. પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ૯મીના રોજ મતદાન યોજાવાનું છે.

મળતી વિગતો પ્રમાણે આ ૮૯ બેઠકો પૈકી ૮ બેઠકો એવી છે જ્યાં બે ઈ.વી.એમ.નો ઉપયોગ મતદાન માટે કરવામાં આવશે. આ બેઠકમાં માંડવી, વઢવાણ, ધોરાજી, જામનગર(ગ્રા.), જામનગર(ઉ), ખંભાળિયા, બોટાદ અને લિંબાયત બેઠકનો સમાવેશ થાય છે.

સૌથી વધુ ઉમેદવાર જામનગર ગ્રામ્યની બેઠક પર નોંધાયા છે. જ્યાં ૨૭ ઉમેદવારો વચ્ચે જંગ જામશે.

આ પછી પૂર્વ નાણાંમંત્રી સૌરભ પટેલ જે બેઠક પરથી લડી રહ્યા છે તે બોટાદ બેઠક આવે છે જ્યાંથી ૨૫ ઉમેદવારો મેદાનમાં છે. જામનગર (ઉ) બેઠક પર ૨૪ ઉમેદવારો મેદાનમાં છે. ખંભાળીયાની બેઠક પર ૨૦, માંડવી અને ધોરાજીની બેઠક પર ૧૭-૧૭ ઉમેદવારો મેદાનમાં છે. જ્યારે લિંબાયતની બેઠક પર ૧૬ ઉમેદવારો મેદાનમાં છે પણ નોટાનો મત ૧૭મો થતો હોવાથી અહિ બે ઈ.વી.એમ. વપરાશે.

ચાર બેઠકો પર ૧૫-૧૫ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં લીમડી, રાજકોટ(પશ્ચિમ) જસદણ અને પાલીતણા બેઠકનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૫ પર

# ઈજિપ્તમાં આતંકી હુમલાનો મૃત્યુઆંક ૨૪૦

**ઘાયલ થયેલા લોકો પૈકી અનેક હજુ પણ ગંભીર : ડોનાલ્ડ ટ્રમ્પ અને નરેન્દ્ર મોદી સહિત વિશ્વના જુદા જુદા દેશોના વડાએ હુમલાની નિંદા કરી : વ્યાપક તપાસ જારી**

કેરો,તા. ૨૫

ઈજિપ્તના હિંસાગ્રસ્ત ઉત્તરીય સિનાઈ ક્ષેત્રમાં શુક્રવારના દિવસે બોમ્બ બ્લાસ્ટ અને અંધાધુંધ ગોળીબારમાં મોતનો આંકડો આજે વધીને ૨૪૦ ઉપર પહોંચી ગયો હતો. ઘાયલ થયેલા લોકો પૈકી અનેકની હાલત હજુ ગંભીર દર્શાવવામાં આવી છે. ઈજિપ્તના ઈતિહાસમાં આને સૌથી મોટા ત્રાસવાદી હુમલા તરીકે ગણવામાં આવે છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત વિશ્વના દેશોએ આ હુમલાને વખોડી કાંઢીને તેની નિંદા કરી છે. હુમલા બાદ ઈજિપ્તના પ્રમુખ અબ્દેલ ફતહ અલ સીસીએ ઈમરજન્સી બેઠક બોલાવી હતી. ઈજિપ્તમાં સુરક્ષા દળો હાલમાં ઉત્તરીય સિનાઈમાં ઈસ્લામિક સ્ટેટના ત્રાસવાદીઓ સામે લડી રહ્યા છે. બીજી બાજુ વ્યાપક દરોડાનો દોર આજે જારી રહ્યો હતો. ઈજિપ્તના ઉત્તરીય સિનાઈ પ્રદેશમાં વિતેલા વર્ષોમાં પણ અનેક હુમલા કરવામાં આવી ચુક્યા છે.

### પદ્માવતી મામલે ભીલવાડામાં લાઠીચાર્જ

ગુરુગ્રામ,તા. ૨૫

સજંય લીલા ભણશાળીની ચર્ચાસ્પદ ફિલ્મ પદ્માવતી ને લઈને જોરદાર વિરોધ પ્રદર્શન જારી છે. રાજસ્થાનના ભિલવાડામાં કરણી સેનાના સભ્યો ઉપર પોલીસે આજે જોરદાર લાઠીચાર્જ કર્યો હતો. જેના કારણે સ્થિતિ તંગ બની ગઈ હતી. પોલીસે લાઠીચાર્જ કરતા પદ્માવતીને લઈને વિવાદ આગામી દિવસોમાં વધુ વધી જાય તેવી શક્યતા છે. ફિલ્મની રજુઆત સામેના વિરોધમાં હરિયાણાના ગુરુગ્રામ અને રાજસ્થાનના ભીલવાડામાં જોરદાર દેખાવો કર્યા હતા.

વજન ઘટાડો ૧૦૦% ગેરંટી સાથે
ઘટ્યા પછી વધી નહીં તેની પણ ૧૦૦% ગેરંટી
મેદસ્વીતા, જરૂર કરતા વધારે વજન એ અનેક રોગોનું પ્રવેશદ્વાર છે. તેમાંથી મુક્તિ મેળવવા સંપર્ક કરો.
વૈદ્યશ્રી નંદકુમાર
મો. 8401433718, 9265439463
નોંધ : સારવાર સંપૂર્ણ આયુર્વેદિક છે. ઘરે બેઠા મેળવી શકાય છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

RAJVEE
FOOD CORNER
The Taste of Royal Essence
PUNJABI | CHINESE | FAST FOOD
DALBATI | KATHIDAWADI
BANQUET
Birthday Party | Small Gathering | Office Meeting
LIVE KITCHEN
Shop No.1, Ground Floor, Pratik Mall, Near City Pulse, Kudasan, Gandhinagar.
Phone : 079 6572 0001
Mobile : +91 9099884444, 95370 19001
Email : rfc@rajvee.in | www.rajvee.in
design@imageink 9510254800

જ્યોતિષ માર્ગદર્શક
બ્રહ્માંડના ગ્રહોનું સંપૂર્ણજ્ઞાન ધરાવતા ગોલ્ડમેડાલીસ્ટ પ્રજ્ઞાચક્ષુ જ્યોતિષ આચાર્ય
તમારી જન્મ તારીખ અને જન્મ સમય કહેવાથી તમારી જન્મ કુંડલીના ગ્રહો કયા સ્થાનમાં છે તે કહી શકે છે. અને તમારા પ્રશ્નોનું માર્ગદર્શન આપે છે.
શ્રી કાંતિલાલ કે. સિધ્ધેશ્વરી
ડી-૧૦૨, પ્રમુખ પાઈડ ફ્લેટ, ઊર્જાનગર ૨ સામે, પ્રતિક મોલ પાછળ, રાદેશન રોડ, ગાંધીનગર
9429026955, 7567236067
એપોઈમેન્ટ લઈને મળો

We are now affiliated with CBSC Board
Affiliation No. 430351
Admission Open for AY 2018-19
Nursery to Grade X
સર્વતોન્મુખ વિકાસઃ
RANGOLI INTERNATIONAL SCHOOL GANDHINAGAR
• RIS four petal pedagogy
• Focus on holistic development
• State of the art infrastructure
• Transportation facility



RANGOLI INTERNATIONAL SCHOOL
G'nagar - Chiloda Highway, Nr. BSF Campus, Alampur, Gandhinagar
82380 60944
www.risgandhinagar.in